# AI ના ઉપયોગથી થાય છે મહાકુંભમાં ડૂબકી લગાડનારાની ગણતરી

**1982માં** પહેલીવાર અંગ્રેજોએ મહાકુંભમાં ડૂબકી લગાવનારાઓની ગણતરી કરી હતી



પ્રયાગરાજ : મહાકુંભમાં કરોડો લોકો આવી રહ્યાં છે જેમાં કોઇ એક બીજાને ઓળખતા નથી. અલગ અલગ રાજ્યના અલગ અલગ શહેરમાંથી લોકો આવી રહ્યાં છે ત્યારે તેમની ગણતરી કેવી રીતે કરવામાં આવે છે તે યક્ષ પ્રશ્ન છે. આ ગણતરી કરવા માટે પહેલી વખત એઆઇ એટલે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સૌથી પહેલા કુંભમાં ડૂબકી લગાડનારાઓની ગણતરી અંગ્રેજોએ કરી હતી અને તે 1882માં કરવામાં આવી હતી. હાલમાં ગણતરી કેવી રીતે થઈ રહી છે તે આપણે જાણીશું, પરંતુ તે પહેલાં કુંભમાં ભક્તોની ગણતરી ક્યારે શરૂ થઈ તે જણાવીએ.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે AIથી સજ્જ છે. આ કેમેરાની રેન્જમાં કોઈ વ્યક્તિ આવે કે તરત જ તેની ગણતરી કરવામાં આવે છે. આ સ્ટેશન પર, મેળા વિસ્તારના પ્રવેશદ્વાર પર, સંગમ વિસ્તારમાં અને અખાડાઓની બાજુમાં સ્થાપિત કરવામાં આવ્યા છે. AI આધારિત કેમેરા મિનિટે મિનિટે ડેટા અપડેટ કરે છે.



## કુંભ કથા

અંગ્રેજોએ પહેલીવાર કુંભમાં ડૂબકી લગાડનાર ભક્તોની ગણતરી કરી તે સમયે પ્રયાગરાજ કુંભ તરફ જતા દરેક રસ્તા પર બેરિકેડ્સ લગાવવામાં આવ્યા હતા. પછી આવનાર દરેક વ્યક્તિની ગણતરી કરવામાં આવી. રેલવે સ્ટેશનની ટિકિટ પણ સામેલ હતી. તે કુંભમાં લગભગ 10 લાખ લોકોએ ભાગ લીધો હતો. આ પછી, દરેક કુંભમાં આ સંખ્યા વધતી ગઈ. ગણતરીની પદ્ધતિ એ જ રહી. જોકે 2025નો કુંભ હાઈટેક બની ગયો છે. આ વખતે દિવ્ય-ભવ્ય સાથે ડિજિટલ શબ્દ જોડાયો છે. ડિજિટલ કેમેરા દ્વારા ગણતરી થોડી સરળ બની ગઈ છે. યુપી સરકારે આ વર્ષે સમગ્ર શહેરમાં 2700 કેમેરા લગાવ્યા છે. જેમાં 270થી વધુ કેમેરા

### AI આધારીત CCTV કેમેરા આ રીતે લોકોની ગણતરી કરે છે

પ્રયાગરાજ : AI આધારિત સિસ્ટમો વિડીયો એનાલિટિક્સ પર આધાર રાખે છે, જે CCTV કેમેરા દ્વારા કેદ કરેલા ફુટેજને પ્રોસેસ કરે છે. મશીન લર્નિંગ અલ્ગોરિધમ્સ દ્વારા AI વિડીયો ફીડ્સનું વિશ્લેષણ કરે છે અને વ્યક્તિઓને ટ્રેક કરે છે. ઓબ્જેક્ટ ડિટેક્શન અને ટ્રેકિંગ મોડલ મોટા પ્રમાણમાં ડેટા દ્વારા માનવીય આકાર અને ગતિને ઓળખી શકે છે. એકવાર વ્યક્તિને કેમેરા ફીડમાં શોધી લીધા પછી, AI સિસ્ટમ તેને ટ્રેક કરી શકે છે અને તે નજીકના ક્ષેત્રમાં પ્રવેશતા અથવા બહાર જતાં લોકોને ગણી શકે છે.

### આટલા કેમેરા લાગ્યા છે

| | |
|---|---|
| મેળાક્ષેત્રમાં કાયમી કેમેરા | 1100 |
| મેળાક્ષેત્રમાં હંગામી કેમેરા | 700 |
| એઆઇથી સજ્જ કેમેરા | 250થી વધુ |
| સમગ્ર શહેરમાં કુલ કેમેરા | 2700 |

### રિયલ-ટાઇમ પિપલ કાઉન્ટિંગ

AI આધારિત પિપલ કાઉન્ટિંગનો ખરેખર મહત્વપૂર્ણ ફાયદો એ છે કે તે *રિયલ-ટાઇમ*માં કાર્ય કરે છે. આ ટેક્નોલોજી સતત વિડીયો ફીડને પ્રોસેસ કરે છે અને જે વ્યક્તિગત વિસ્તારમાં લોકોની સંખ્યા વિશે રીઅલ ટાઇમ ડેટા પૂરો પાડે છે.

### દરેક ઘાટ પર લાગેલા કેમેરાથી ગણતરી થાય છે

આ અંગે મહાકુંભ નાં કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમના ઇન્ચાર્જ અમિત કુમાર (IPS) એ જણાવ્યું હતું કે, આ વખતે પહેલી વાર ડૂબકી લગડનાર ભક્તો ગણતરી કરવા માટે AI કેમેરાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. દરેક ઘાટ પર લાગેલા કેમેરાના દર કલાકના ફૂટેજ લેવામાં આવે છે. તેનું AI ના આધારે સેમ્પ્લિંગ કરવામાં આવે છે. અને ગણતરી કરવામાં આવે છે.



# નવી દિલ્હી સ્ટેશનની નાસભાગના ફોટા, વીડિયોઝ સોશ્યલ મીડિયા પરથી દૂર કરવા રેલવેનો આદેશ

**એક્સને** કેટલીક તસવીરો, વીડિયો દૂર કરવા નોટિસ જારી કરાઇ

**મૃતકોના** ગૌરવને જાળવી રાખવા માટે તેમના સંબંધીઓએ કરેલી વિનંતીને આધારે પગલું ભરાયું

નવી દિલ્હી, 21: રેલવે મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X ને 15 ફેબ્રુઆરીના રોજ નવી દિલ્હી રેલવે સ્ટેશન પર થયેલી ભાગદોડની ઘટનાઓના કેટલાક ફોટા દૂર કરવા જણાવ્યું છે જે મહિલાઓની ગરિમાને ઠેસ પહોંચાડે છે તેમજ જેમાં લોહીલુહાણ દ્રશ્યોવાળી તસવીરો અથવા વિડીયો છે, એ મુજબ રેલવે સૂત્રોએ જણાવ્યું હતું.

નવી દિલ્હી રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 14 નજીક સીડીઓ પર થોડા દિવસ પહેલા ભાગદોડ મચી જવાથી 18 મુસાફરોએ પોતાના જીવ ગુમાવ્યા અને ઘણા લોકો ઘાયલ થયા. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાગદોડથી પ્રભાવિત કેટલાક પરિવારના સભ્યોએ મંત્રાલયને પ્રક્રિયા શરૂ કરવા વિનંતી કર્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો કારણ કે આ ચિત્રો અને વિડીયો મૃતકો માટે અપમાનજનક છે, અને બચી ગયેલા લોકો અને તેમના સંબંધીઓ માટે ખૂબ જ ખલેલ પહોંચાડે છે.

# નવો રોગચાળો આવી રહ્યો છે? કોરોનાનો 'ભાઈ' મળ્યો

**ચીની** વૈજ્ઞાનિકોને ચામાચિડીયાઓમાં કોવિડના વાયરસ જેવા જ વાયરસની હાજરી જણાઇ

**HKU5**-CoV-2 નામનો આ વાયરસ કોવિડના સાર્સ કોવ-ટુ વાયરસ જેવી જ વર્તણૂક ધરાવે છે

બૈજિંગ, તા. ૨૧: ચીની સંશોધકોની એક ટીમે એક નવો ચામાચીડિયાનો કોરોનાવાયરસ શોધી કાઢ્યો છે જે પ્રાણીથી માનવમાં સંક્રમણની સંભાવના ધરાવે છે. સાઉથ ચાઇના મોર્નિંગ પોસ્ટ મુજબ, HKU5-CoV-2 નામનો આ વાયરસ SARS-CoV-2 જેવા જ માનવ રીસેપ્ટરનો ઉપયોગ કરતો જોવા મળ્યો છે જે કોવિડ-19 માટે જવાબદાર હતો. આ અભ્યાસનું નેતૃત્વ શી ઝેંગલી દ્વારા કરવામાં આવ્યું હતું, જે ચામાચીડિયાના કોરોનાવાયરસ પરના તેમના વ્યાપક સંશોધનને કારણે બેટવુમન તરીકે ઓળખાતા પ્રખ્યાત વાયરોલોજિસ્ટ છે.

# ટાઇમ મેગેઝીનની ૨૦૨૫ની વિમેન ઓફ ધ યરની યાદીમાં ભારતીય પર્યાવરણવાદી પૂર્ણિમા બર્મનનું નામ

**પૂર્ણિમા** દેવીના સખત પ્રયાસોને કારણે આસામમાં વિલુપ્ત થઇ રહેલા કાળી પાંખોવાળા બગલાઓની વસ્તી નોંધપાત્ર વધી

**તેમના** પ્રયાસોને ટેકો આપવા મહિલાઓની એક આખી ફોજ ઉભી થઇ ગઇ

ન્યૂ યોર્ક, તા. 20(પીટીઆઈ): ટાઈમ મેગેઝિન દ્વારા આ વર્ષની 'વુમન ઓફ ધ યર' યાદીમાં એક ભારતીય જીવવિજ્ઞાની અને વન્યજીવન સંરક્ષણવાદીનું નામ આપવામાં આવ્યું છે, જે વધુ સારા, વધુ સમાન વિશ્વ માટે કામ કરતા અસાધારણ અગ્રણીઓનું સન્માન કરે છે.

ગુરુવારે જાહેર કરાયેલ ટાઈમના વુમન ઓફ ધ યર 2025 ની યાદીમાં 45 વર્ષીય પૂર્ણિમા દેવી બર્મન એકમાત્ર ભારતીય મહિલા છે. 13 મહિલાઓની યાદીમાં અભિનેત્રી નિકોલ કિડમેન અને ફ્રાન્સની ગિસેલ પેલિકોટનો પણ સમાવેશ થાય છે. પેલિકોટને તેમના પતિ દ્વારા ડ્રગ્સ આપવામાં આવ્યું હતું અને 70 થી વધુ પુરુષો દ્વારા બળાત્કાર કરવામાં આવ્યો હતો અને જે જાતીય હિંસા સામેના અભિયાનમાં વૈશ્વિક આઈકોન બની હતી.

## પેજ 3

# રણવીર અલ્હાબાદિયા વિવાદ: મહારાષ્ટ્ર સાયબરે રાખી સાવંતને સમન્સ પાઠવ્યું

**રાખી** 'ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટ'ના એપિસોડમાં મહેમાન હતી

**યુટ્યુબર** આશિષ ચંચલાનીને પણ નિવેદન નોંધાવવા બોલાવવામાં આવ્યો છે



મુંબઈ, તા. 21 (પીટીઆઈ): યુટ્યુબ શો 'ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટ' સાથે જોડાયેલા કેસની તપાસ કરી રહેલા મહારાષ્ટ્ર સાયબરે અભિનેત્રી રાખી સાવંતને તેનું નિવેદન નોંધાવવા માટે સમન્સ પાઠવ્યું છે, એમ અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું. કોમેડિયન સમય રૈના દ્વારા હોસ્ટ કરાયેલા શોમાં રણવીર અલ્હાબાદિયાની કથિત વાંધાજનક ટિપ્પણી બદલ નોડલ એજન્સીએ કન્ટેન્ટ સર્જક અલ્હાબાદિયા અને અન્ય લોકો સામે કેસ નોંધ્યો છે. અભિનેત્રી રાખી સાવંતને 27 ફેબ્રુઆરીએ મહારાષ્ટ્ર સાયબરના અધિકારીઓ સમક્ષ તેનું નિવેદન નોંધાવવા માટે હાજર રહેવાનું કહેવામાં આવ્યું છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. રાખી 'ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટ'ના એપિસોડમાં મહેમાન હતી જ્યાં અલ્હાબાદિયાએ કથિત રીતે માતાપિતા અને સેક્સ વિશે અભદ્ર ટિપ્પણીઓ કરી હતી, જેના કારણે દેશભરમાં હોબાળો મચી ગયો હતો અને અનેક એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. મહારાષ્ટ્ર સાયબરે રૈનાના યુટ્યુબ શોમાં ભાગ લેનારા હાસ્ય કલાકારો, કન્ટેન્ટ ક્રિએટર્સ અને સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સર્સ સહિત 50થી વધુ લોકોને સમન્સ પાઠવ્યા છે. એજન્સીએ યુટ્યુબ પર તેના 'બીયર-બાઇસેપ્સ' ચેનલ માટે લોકપ્રિય અલ્હાબાદિયાને 24 ફેબ્રુઆરીના (સોમવાર) રોજ તેનું નિવેદન નોંધાવવા માટે સમન્સ પાઠવ્યા છે. યુટ્યુબર અને કન્ટેન્ટ ક્રિએટર આશિષ ચંચલાનીને પણ આ કેસના સંદર્ભમાં તે જ દિવસે તેનું નિવેદન રેકોર્ડ કરવા માટે બોલાવવામાં આવ્યો છે, 23 અને 24 ફેબ્રુઆરીના રોજ કેટલાક વધુ લોકોને સમન્સ પાઠવવામાં આવે તેવી શક્યતા છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

## અદાલતે હુમલા કેસમાં આદિત્ય પંચોલીને જેલની સજાથી મુક્ત કર્યો



મુંબઈ, તા. 21 (પીટીઆઈ): મુંબઈની એક સેશન્સ કોર્ટે 2005ના પાર્કિંગ હુમલા કેસમાં અભિનેતા આદિત્ય પંચોલીને દોષિત ઠરાવવાને માન્ય રાખ્યો હતો, પરંતુ મેજિસ્ટ્રેટ દ્વારા આપવામાં આવેલી એક વર્ષની જેલની સજામાં ફેરફાર કર્યો હતો અને સારા વર્તનના આધારે બોન્ડ પર તેમને મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. જો કે, સેશન્સ કોર્ટે ૫૯ વર્ષીય અભિનેતાને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટ હેઠળ મુક્તિનો લાભ મેળવવા માટે પીડિત પ્રતીક પશીનને રૂ. 1.5 લાખનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો. મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટે (અંધેરી) નવેમ્બર 2016માં અભિનેતાને દોષિત ઠેરવ્યો હતો અને 2005માં પાર્કિંગ વિવાદમાં પશીન પર હુમલો કરવા બદલ એક વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી. પંચોલીએ આ કેસમાં પોતાને દોષિત ઠરાવવા અને સજા સામે અપીલ કરી હતી.

## ઉદિત નારાયણની પહેલી પત્નીએ તેમની સાથે રહેવા અદાલતમાં કેસ કર્યો



મુંબઈ, તા. 21: છેલ્લા કેટલાક દિવસોથી વિવાદોમાં રહેલા દેશના પ્રખ્યાત ગાયક ઉદિત નારાયણ શુક્રવારે બપોરે સુપૌલની એક અદાલતમાં હાજર થયા હતા. તેમનાં પહેલાં પત્ની રંજના ઝાએ કોર્ટમાં કહ્યું કે તે તેમના પતિ સાથે રહેવા માગે છે. પરંતુ, ઉદિત નારાયણે કોર્ટ સમક્ષ તેમને પોતાની સાથે રાખવાનો ઈન્કાર કરી દીધો છે. ઉદિત નારાયણે સ્પષ્ટ કહ્યું કે તેઓ કેસ લડવા તૈયાર છે. અહીં ઉદિત નારાયણનાં પત્ની રંજના ઝાનો દાવો છે કે લગ્ન પછી પણ તેમને પત્નીનો દરજ્જો મળ્યો નથી અને તેમના અધિકારોથી વંચિત રાખવામાં આવ્યાં હતાં. આખરે મારે કોર્ટનો સંપર્ક કરવો પડ્યો. હવે મને ન્યાય જોઈએ છે. જો કે આ મામલે ઉદિત નારાયણ તરફથી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

## નરગીસ ફખરીએ બોયફ્રેન્ડ ટોની બેગ સાથે ગુપચુપ લગ્ન કર્યા



મુંબઈ, તા. 21: અભિનેત્રી નરગીસ ફખરીએ તેના બોયફ્રેન્ડ ટોની બેગ સાથે લગ્ન કરી લીધા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બંનેએ તાજેતરમાં જ લોસ એન્જલસમાં ગુપ્ત રીતે લગ્ન કર્યાં હતાં. તેમાં ફક્ત પરિવાર અને નજીકના મિત્રો જ હાજર રહ્યા હતા. હવે આ કપલ સ્વિટ્ઝરલેન્ડમાં હનીમૂન મનાવી રહ્યું છે. જો કે નરગીસે હજુ સુધી આ મામલે કોઈ પ્રતિક્રિયા આપી નથી. નરગીસ ફખરી અને ટોની બેગની કેટલીક તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવી છે. આમાં તેની વેડિંગ કેક દેખાઈ રહી છે, જેના પર 'હેપ્પી મેરેજ' લખેલું છે. ટોની બેગ કાશ્મીરમાં રહેતા બિઝનેસમેન છે. નરગીસે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર સ્વિટ્ઝર્લેન્ડની ઘણી તસવીરો શેર કરી છે. આ સિવાય અભિનેત્રી ટોનીની પોસ્ટ પણ ફરીથી શેર કરી રહી છે. આ કારણે સોશિયલ મીડિયા યુઝર્સનું માનવું છે કે બંનેએ ખરેખર લગ્ન કરી લીધા છે.

# સૌથી લાંબી શાસ્ત્રીય નૃત્યની મેરેથોનનો ગિનેસ વર્લ્ડ રેકર્ડ રચાયો

**ખજુરાહો** નૃત્ય મહોત્સવમાં ૧૩૯ કરતા વધુ નૃત્યકારોએ વારાફરતી ૨૪ કલાક કરતા વધુ સમય સુધી વિવિધ શાસ્ત્રીય નૃત્યો રજૂ કર્યા



છતરપુર (મધ્યપ્રદેશ), તા. ૨૧(પીટીઆઈ): મધ્યપ્રદેશમાં ૫૧મા ખજુરાહો નૃત્ય મહોત્સવમાં એક સીમાચિહ્નરૂપ હાંસલ થયું જેમાં ૧૩૯ કલાકારોએ ૨૪ કલાકથી વધુ સમય સુધી નૃત્ય કર્યું અને સૌથી લાંબી શાસ્ત્રીય નૃત્ય મેરેથોન માટે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ નોંધાયો છે એ મુજબ એક અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું.

torrent POWER

વીજપ્રવાહ બંધ રહેવા બાબત

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપુરવઠો આપવાના હેતુથી નીચે દર્શાવેલ સબસ્ટેશનોના નેટવર્ક મેઈન્ટેનન્સનું આયોજન કરેલ છે. આ સબસ્ટેશનોમાંથી વીજપુરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન વીજપુરવઠો બંધ રહેશે. અનુસૂચિત સમય પહેલા વીજપુરવઠો પુનઃકાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.

- ૨૪/૦૨/૨૦૨૫, સોમવાર : વિરાટ જેમ્સ (વસ્તા દેવડી), શ્રધ્ધા રેસીડેન્સી (કતારગામ), કે.જી. જીઆઈડીસી ઈન્ડ.૬/૪,
- ૨૫/૦૨/૨૦૨૫, મંગળવાર: અખંડ આનંદ વિદ્યાભવન, એસ.એન.એસ. (શાહ એન્ડ સંઘવી)
- ૨૬/૦૨/૨૦૨૫, બુધવાર : લક્ષ્મી ડાયમન્ડ પ્રા.લિ.-HT, ગિરીરાજ નગર ઈન્ડ. નં.૩, ન્યુ કોર્ટ બીલ્ડીંગ નં.૧, ન્યુ કોર્ટ બીલ્ડીંગ નં.૨, મેયર બંગલો-LTSS
- ૨૭/૦૨/૨૦૨૫, ગુરૂવાર : ઘનશ્યામ નગર શેરી નં.૧૦, એસએમસી સ્યુએજ ડીસ્પોઝલ (આંજણા સ્યુએજ)-HT, પેસ્તનજી ઈન્ડ. નં.૩ (ભાઠેના), ભગત ઈન્ડ. (બમરોલી રોડ)
- ૨૮/૦૨/૨૦૨૫, શુક્રવાર : કે.જી. જીઆઈડીસી ઈન્ડ.૧૯, કૃણાલ ઈન્ડ. નં.૨ (ભાઠેના)
- ૦૧/૦૩/૨૦૨૫, શનિવાર : કૃણાલ ઈન્ડ. નં.૬ (ભાઠેના)
- ૦૨/૦૩/૨૦૨૫, રવિવાર : કિરણ જેમ્સ હિમસન-HT

અસુવિધા બદલ દિલગીર છીએ

અમારી WhatsApp સેવા, આપને વધુ સુવિધા
8141970070 પર 'Hi' લખી મોકલાવો
પાવર, બીલ, અન્ય જાણકારી તથા ચૂકવણી કરો

હેલ્પ લાઈન નં. 19128 (Toll Free) / 0261-2551912 / 9099991912
પોર્ટલ : connect.torrentpower.com અને મોબાઈલ એપ : Torrent Power Connect



» ચીનના પૂર્વીય પ્રાંત શેનડોંગના યાંતાઈ બંદર પર નિકાસ માટે રખાયેલી કારો તસવીરમાં જોવા મળી રહી છે.

# હમાસે સોંપેલા બંધકોના મૃતદેહોમાંથી મહિલાનો મૃતદેહ કોઇ બીજી જ મહિલાનો હોવાનો ઇઝરાયેલનો દાવો

**ઇઝરાયેલના** વડાપ્રધાને આ બાબતને યુદ્ધ વિરામ કરારનો ક્રૂર ભંગ ગણાવીને બદલો લેવાની પ્રતિજ્ઞા કરી

**હમાસ** અને ઇઝરાયેલ વચ્ચેના તકલાદી યુદ્ધ વિરામ કરારના ભવિષ્ય અંગે ઉભા થયેલા પ્રશ્નો

તેલ અવીવ, તા. ૨૧(એપી): હમાસે ગુરુવારે જે ચાર બંધકોના મૃતદેહો ઈઝરાયેલને સોંપ્યા તેમાંથી બે બાળકોના મૃતદેહની ઓળખત થઇ ગઇ છે પણ તેમની માતાનો મૃતદેહ હોવાનો દાવો કરીને હમાસે જે મૃતદેહ સોંપ્યો છે તે ખરેખર તેમની માતાનો નથી એમ ઈઝરાયેલના લશ્કરે આજે જણાવ્યું હતું. હમાસે ગુરુવારે ચાર મૃતદેહો રેડક્રોસના માધ્યમથી ઈઝરાયેલને સોંપ્યા હતા જેમાં એક મહિલા અને તેના બે બાળકો અને એક ૮૩ વર્ષીય વૃદ્ધનો મૃતદેહ હતો. હમાસે દાવો કર્યો હતો કે આ ચારેય જણા અને તેમના પર પહેરો ભરી રહેલા કાર્યકરો ઈઝરાયેલના હવાઈ હુમલાઓમાં માર્યા ગયા હતા. ઈઝરાયલી સંરક્ષણ દળોએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફોરેન્સિક મેડિસિન દ્વારા ઈઝરાયલ પોલીસના સહયોગથી એરિયલ અને કફિર બિબાસના અવશેષોની ઓળખ કરવામાં આવી હતી અને પરિવારોને જાણ કરવામાં આવી હતી.

# ઈઝરાયલમાં પાર્ક કરેલી બસોમાં શ્રેણીબદ્ધ વિસ્ફોટ, કોઈને ઈજા ન થઈ



**પોલીસને** બે અન્ય બસોમાંથી પણ વિસ્ફોટક મળ્યા

**હમાસની** લશ્કરી પાંખની એક શાખાએ સોશિયલ મીડિયા પર હુમલાની ધમકી આપી પણ આ વિસ્ફોટોની જવાબદારી ન સ્વીકારી

બાત યામ (ઈઝરાયેલ), તા. 21 (એપી): ગુરુવારે ત્રણ પાર્ક કરેલી બસોમાં થયેલા શ્રેણીબદ્ધ વિસ્ફોટોએ મધ્ય ઈઝરાયલને હચમચાવી નાખ્યું હતું, અધિકારીઓને ત્રાસવાદી હુમલો હોવાની શંકા છે. કોઈ ઈજાગ્રસ્ત થયાના અહેવાલ નથી. આ વિસ્ફોટ એવા દિવસે થયા જ્યારે ઈઝરાયલ પહેલેથી જ શોકમાં હતું કારણ કે હમાસે યુદ્ધવિરામ કરારના ભાગ રૂપે ગાઝામાંથી ચાર બંધકોના મૃતદેહ પરત કર્યા હતા. બસ વિસ્ફોટ 2000ના દાયકાના પેલેસ્ટિનિયન બળવા દરમિયાન થયેલા બોમ્બ વિસ્ફોટોની યાદ અપાવે છે, જો કે હવે આવા હુમલા ઓછા થાય છે. બે અન્ય બસોમાં વિસ્ફોટકો મળી આવ્યા હતા પરંતુ તેમાં વિસ્ફોટ થયા ન હતા, એમ પોલીસ પ્રવક્તા અસી અહારોનીએ પત્રકારોને જણાવ્યું હતું.

